Divyabhaskar (Suppl.: Citybhaskar)

EDII

March 22, 2025
Pg. 3

GI ટેગ ધરાવતા વિશિષ્ટ ઉત્પાદનોને ઉજાગર કરાશે

# EDII અને GCCI દ્વારા 'રંગસૂતા' GI મહોત્સવનું ઉદઘાટન કરાયું



ગાંધીનગરઃ EDII દ્વારા GCCI બિઝનેસ વીમેન કમિટી દ્વારા દેશના વિવિધ પ્રદેશોની પરંપરાગત હસ્તકલા અને જુદા-જુદા પ્રદેશના વિશિષ્ટ GI ટેગ ધરાવતા ઉત્પાદનોને ઉજાગર કરવા માટે 'રંગ સૂતા' GI મહોત્સવનું ઉદ્ઘાટન કરાયું. કાર્યક્રમમાં દેશભરના 50થી વધુ GI-ટેગ ધરાવતા હસ્તકલા અને હસ્તઉદ્યોગોને પ્રદર્શિત કરાયા છે, જેમાં પાટણનું પટોળું, માતાની પછેડી, ફુલકારી, જોધપુર બંધેજ ક્રાફ્ટ, મેંદી, રોગાન શિલ્પ જેવી અનેક નેશનલ- ઈન્ટરનેશનલ ખ્યાતિ ધરાવતા હસ્તકલા સામેલ છે. કાર્યક્રમમાં B2B (બિઝનેસ-ટૂ-બિઝનેસ) મીટ પણ યોજાઈ. જેનાથી હસ્તકલા ઉદ્યોગોને હોલસેલ માર્કેટ, નવા ગ્રાહકો અને વૈશ્વિક બજારો સુધી પહોંચવાની તક મળશે. આ પ્રસંગે વિવિધ ઉદ્યોગપતિ, ડિઝાઈનર, રિટેલર્સે ભાગ લીધો. કાર્યક્રમમાં માત્ર હસ્તકલા માટે જ નહીં, પણ ભારતીય લોકકલા અને પરંપરાઓ માટે પણ પ્લેટફોર્મ પૂરું પડાયું. ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ફેસિલિટેશન સેન્ટર દ્વારા MSME ઉદ્યોગોને GI રજિસ્ટ્રેશન, પેટન્ટ અને ટ્રેડમાર્ક માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.